॥ कृर्षिमित् कृषस्व ॥

# भारतीय किसान संघ

गुजरात

नोंधणी नं. गुज/337 रजी. नं. एफ/330/महेसाणा

कार्यालय :
दलराम मंदिर परिसर,
कलेक्टर ऑफिस के सामने, घ-रोड,
सेक्टर-१२ डी, गांधीनगर

फोन : (079) 23221976
टेली फेक्स : 23224916
E-mail: bksgujarat1985@gmail.com
www.bksgujarat.org.in


क्रमांक :

## <u>અખબારી યાદી</u>

તા.૧૪/૬/૨૦૧૭

- **તમામ ૩૩ જિલ્લાઓમાં રેલી –સભા –આવેદન પત્ર આપવાના કાર્યક્રમો પૂર્ણ.**
- **સરકારને તત્કાલ સંવેદના સાથે ગંભીરતાથી પ્રશ્નો ઉકેલવા તાકીદ.**
- **કિસાનોના નામે રાજકારણ ખેલતા તત્વોથી કિસાનોને સચેત રહેવા અપીલ.**

ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય કાર્યકારીણી સભ્યશ્રી મગનભાઈ પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ વિઠલભાઈ દૂધાત્રા એક નિવેદનમાં જણાવેછે કે આઝાદી પછીના આજ દિન સુધીના ઈતિહાસમાં સતત કેન્દ્ર સરકારની ખેડૂત અને કૃષિ વિરોધી નીતિઓના કારણે કિસાનો દેવાદાર બન્યા છે.–આજે દરરોજ ૫૦ કિસાન આત્મહત્યા કરે છે.અને ૩૦૦૦ કિસાન ખેતી છોડી રહયા છે.હાલ સમગ્ર દેશમાં કિસાનોના મુદ્દે ચારે બાજુ થી આંદોલનાત્મક સ્થિતી ઉભી કરવામાં આવી રહી છે.અને સીધાજ જાણે કે કિસાનોની એક માત્ર સમસ્યા(પ્રશ્ન)દેવાનાબુદી હોય તેવું વાતાવરણ ઉભું કરવામાં આવી રહયું છે.પરંતુ કિસાનોનું દેવું કેમ થયું છે તેના મૂળમાં વિચારવાની આવશ્યકતા છે.દેવાનાબુદી એ ટૂંકા ગાળાના ઉકેલ માટે રાહતરૂપ છે.પરંતુ તે કાયમી ઉકેલ નથી.

તમામ સંગઠન અને રાજકીય પક્ષો અને કિસાનોની વાત રજુ કરનાર ઓએ સમજવુ રહયું કે કિસાનો ને ઉત્પાદન ના માલના પુરા ભાવ નફા સહિત મળે અને તેની ખરીદ વ્યવસ્થા ગ્રામ્ય સ્તર પર થાય તે અત્યંત અનિવાર્ય છે.અને **<u>"હર ખેત કો પાની અને સમાન સિંચાઈ દર થી મળે"</u>** તે જ કિસાનોની આજની સમસ્યા અને સમયની માંગ છે.

તમામ કેન્દ્ર અને રાજય સરકારો એ પણ કિસાનોના મુદ્દે પુરી અગ્રીમતા આપીને ગંભીરતાથી કિસાનોના મુદ્દે વિચારવાનો સમય પાકી ગયો છે.સરકારો કિસાનોની ધીરજ ની અને સહનશકિતની પરીક્ષા ન કરે નહિં તો તેના માઠાં પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે.

ભારતીય કિસાન સંઘ,કેન્દ્રીય કારોબારીએ છેલ્લા ૧૦ માસ થી કિસાનોની સમસ્યાઓ ની ચર્ચા કરવા માટે સસંદનું વિશેષ સત્ર બોલાવવાની માંગ કરેલ છે.અને વર્તમાન કેન્દ્ર સરકારના વડાપ્રધાન

શ્રી નરેન્દ્રભાઈ મોદી એ ચૂંટણી વચનોમાં આપેલ આશ્વાસન ને યાદ કરાવીને ભારતીય કિસાન સંઘે**"વાદા કિયા હે વાદા નિભાવો"**ના નારા સાથે અલ્ટીમેટમ આપેલ છે.જે અંગે દેશભરમાં હાલ સંઘ ધ્વારા કાર્યક્રમો ચાલી રહયા છે.

આ ઉપરાંત ખેડૂત વિરોધી આયાત–નિકાસ નીતિ,ફરજીયાત પાકવીમા યોજના,ટેકાના ભાવો નકકી કરવાની તદ્દન અવાસ્તવિક પધ્ધતિ,અનેક ખોટી ભ્રષ્ટાચારને પોષતી સબસીડીની યોજનાઓ, ડો.સ્વામિનાથન સમિતી ની ભલામણોનો અસ્વીકાર,તમામ માર્કેટ યાર્ડીમાં હરાજી નહી.અને MSP થી ઓછા ભાવે હરાજી કરીને કિસાનોની થતી ઉઘાડી લૂંટ જેવા મુદ્દાઓ અંગે ભારતીય કિસાન સંઘ,ધ્વારા સરકારોમાં સતત રજુઆતો કરવામાં આવી રહી છે.

હાલ ચાલી રહેલ આંદોલન એ પૂર્વ આયોજીત માત્ર રાજકારણ પ્રેરીત,ચોકકસ એજન્ડા સાથે અને સીધાજ અલ્ટીમેટમ થી અંતિમ સંઘર્ષના કાર્યક્રમો આપી શાંતિપૂર્ણ વાતાવરણને દૂષિત કરવાના ભાગ રૂપે હોઈ કિસાનોના નામે રાજકારણ ખેલાઈ રહયુ હોઈ જેનાથી કિસાનોને સચેત રહેવા અપીલ કરવામાં આવે છે.

ભારતીય કિસાન સંઘ,સરકારને હાલ છેલ્લા ૧૫ દિવીસ દરમ્યાન તમામ ૩૩ જીલ્લાઓમાં કરવામાં આવેલ રેલી–સભા–અને કલેકટરોને અપાયેલ આવેદન પત્ર પૈકીના ગંભીરપ્રશ્નો ઉકેલવા સત્વરે સંપૂર્ણ સંવેદના સાથે કિસાન લક્ષી હકારાત્મક અભિગમથી આગળ વધવા સરકારને તાકીદ કરવામાં આવે છે.

ભવદીય,

**બાબુભાઈ કે પટેલ**
**પ્રદેશ મહામંત્રી,**
**ભારતીય કિસાન સંઘ,**
**ગુજરાત પ્રદેશ**